B. A. COLLEGE OF AGRICULTURE
ANAND AGRICULTURAL UNIVERSITY
ANAND- 388 110 (GUJARAT)

# બી. એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચર ખાતે 68મા વાર્ષિક દિનની ઉજવણી

બી. એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચર દ્વારા તા. 30મી એપ્રિલ, ૨૦૨૨ ના રોજ કોલેજના ઓડીટોરીયમ ખાતે ૬૮મા વાર્ષિક દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં અંદાજે ૬૦૦ વિદ્યાર્થીઓ ઉપરાંત અધ્યાપકો તથા આમંત્રિત મહેમાનો હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમના પ્રમુખ સ્થાને ડૉ. કે.બી.કથીરીયા, વાઇસ ચાન્સેલરશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુખ્ય મહેમાન પદે, એસ.પી.યુનિવર્સિટી તથા ચારૂસેટના ભૂતપૂર્વ વાઇસ ચાન્સેલરશ્રી ડૉ. બી.જી.પટેલ તેમજ અતિથિ વિશેષ તરીકે દાતાશ્રી અમિતભાઇ શેઠ, ડૉ. એમ.કે.ઝાલા, સંશોધન નિયામકશ્રી, ડૉ. જી.આર.પટેલ, રજીસ્ટ્રારશ્રી અને ડૉ. ડી.એચ.પટેલ, નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ હાજર રહ્યા હતા.

પ્રમુખ સ્થાનેથી ડૉ. કે.બી.કથીરીયા, કુલપતિશ્રીએ વાર્ષિક દિનની ઉજવણી પ્રસંગે વિધ્યાર્થીઓને વર્ષ દરમિયાન તેમણે રમતગમત, સાંસ્કૃતિક અને શિક્ષણમાં મેળવેલ સિદ્ધિઓ માટે અભિનંદન પાઠવ્યા હતા વધુમાં છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓને તેમના ભવિષ્ય બાબતે યોગ્ય નિર્ણય લઈ ઉચ્ચ અભ્યાસ કરવો કે સ્પર્ધાત્મક પરીક્ષાઓ તરફ  જવું એ બાબતે પૂરતી તૈયારી કરવા તેમજ તમામ જરૂરી માર્ગદર્શન યુનિવર્સિટી તરફથી પૂરુ પાડવા માટે અનુરોધ કર્યો હતો.

મુખ્ય મહેમાન ડૉ. બી.જી.પટેલ, કુલપતિશ્રી ચારુસેટએ યુજી, પીજી તથા પીએચડીના વિદ્યાર્થીઓને અભિનંદન આપતા જણાવ્યુ હતું કે એકવીસમી સદી જ્ઞાનની સદી છે એટલે આપણે સતત શીખતા રહેવું જોઈએ અને તેનો કોઇ અંત નથી. તેમણે વિદ્યાર્થીઓને વેલ્યુ એક્સલન્સ તેમજ કેર અને કન્સર્ન  ઉપર ભાર મૂકીને વિદ્યાર્થીઓને પ્રોફેશ્નાલીઝમ ડેવલપ કરવા જણાવ્યુ હતું.

અતિથિ વિશેષ શ્રી અમિતભાઇ શેઠે વિદ્યાર્થીઓને શુભાષિશ આપતા જણાવ્યું કે કોલેજના અમૃત મહોત્સવ ઉજવણીના વર્ષમાં આ વાર્ષિક દિન અતિ મહત્વનો છે. તેમણે વિદ્યાર્થીઓને પોતાના અભ્યાસનો ભવિષ્યમાં યોગ્ય ઉપયોગ કરી અને ઉત્તમ કારકિર્દી ઘડવા પુરૂષાર્થ કરવા પ્રેરિત કર્યા હતા.

સંશોધન નિયામકશ્રી ડૉ. એમ.કે.ઝાલાએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ માટે આ દિન વિશેષ રૂપે અલગ હોય છે જેમાં વિદ્યાર્થીઓએ પોતે મેળવેલ સિધ્ધિઓનું મહાનુભાવોની હાજરીમાં સન્માન થાય તે વિદ્યાર્થીઓ માટે અતિ આનંદદાયક હોય છે અને વિદ્યાર્થીઓએ મેળવેલ જ્ઞાનનો ઉપયોગ કૃષિ કલ્યાણ માટે થાય તે માટે પ્રેરિત કર્યા હતા.

કોલેજના આચાર્ય અને ડીનશ્રી ડૉ. વાય.એમ.શુકલએ વિદ્યાર્થીઓને વાર્ષિક દિનની શુભેચ્છા આપી હતી. બં. અ. કૃષિ મહાવિદ્યાલયની સ્થાપનાથી લઈ આજ દિન સુધી વિવિધ મહાનુભાવો તથા આચાર્યો, પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય સ્તરે કૃષિ શિક્ષણ, સંશોધન તેમજ વિસ્તરણમાં યોગદાનની વિગતો આપી હતી અને તેમને મેળવેલ નોંધપાત્ર સિધ્ધિઓથી અવગત કર્યા હતા.

કોલેજના જનરલ સેક્રેટરી, શ્રી ધવલ સાવલિયા દ્વારા વાર્ષિક અહેવાલની છણાવટ કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ મોનો એક્ટિંગ, સ્કીટ, વન એક્ટ પ્લે, માઇમ, ફેશન શો, પિરામિડ તથા ગાન સ્પર્ધાનું આયોજન કર્યું હતું અને પોતાના આકર્ષક અંદાજમાં રજુ કરી ઈનામો મેળવ્યા હતા.

અંતમાં ચેરમેનશ્રી, વિદ્યાર્થી પરિષદ, ડૉ. ડી.જે.પરમાર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.








B. A. COLLEGE OF AGRICULTURE
68TH ANNUAL DAY






B. A. COLLEGE OF AGRICULTURE
68TH ANNUAL DAY


B. A. COLLEGE OF AGRICULTURE
68TH ANNUAL DAY




Amrut